

ધોળેશ્વર મહાદેવ નજીક નદીના પટમાં મંદિરનો ઘુમ્મટ દખાયો

## @ગાંધીનગર

● શિવ મહિમ્ન પાઠ રજનીભાઈ ઓઝાના નિવાસસ્થાન રાત્રે ૮.૩૦ કલાકે એ-૪, સ્વાગત રેઈનફોરેસ્ટ-૪, સરગાસણ ચોકડી, ખ રોડ ખાતે યોજાશે.

● શિવ મહિમ્ન પાઠ સંજયભાઈ પંડયાના નિવાસ સ્થાને રાત્રે ૯ થી ૧૦ કલાક ૧૪૧/૫, બી-૧ ટાઈપ ખાતે યોજાશે.

● શિવ મહિમ્ન પાઠ તપનભાઈ ત્રિવેદી બ્લોક નં. ૧૧૪/૫, છ ટાઈપ ખાતે રાત્રે ૯ થી ૧૦ યોજાશે.

● એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા રાત્રે ૯-૦૦ કલાકે ટાઉનહોલ ખાતે મ્યુઝીકલ પ્રોગ્રામ 'મસ્તીભરી સાંજ' યોજાશે.

● લઘુરૂદ્રાભિષેક કિરીટભાઈ શુકલના નિવાસસ્થાને સવારે ૮.૩૦ કલાકે, પ્લોટ નં. ૧૦૦૪/૧, સે-૭-સી ખાતે યોજાશે.

● વિસનગરા પરિવાર દ્વારા કમલેશભાઈ અને સનતભાઈ પંડયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૫૫, સે-૮-બી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ મહિમ્ન સ્ત્રોત યોજાશે.

● બાજખેડાવાળ મંડળ દ્વારા સે-૧૬માં બાલાજી મંદિર ખાતે રાત્રે ૮.૩૦ વાગે શિવ મહિમ્ન સ્ત્રોત તથા વિષ્ણુ સહસ્ત્ર પાઠ યોજાશે. જેમાં સે-૨૨ના અનસૂયાબેન શુકલ તરફથી પ્રસાદ સૌજન્ય કરાશે.

● આનંદનો ગરબો જોસનાબેન પ્રજાપતિ પ્લોટ નં. ૯૫૧/૨, રામેશ્વર મંદિર સેકટર-૩-ડી ખાતે ૨ થી ૫.૩૦ કલાક યોજાશે.

# શહેર-જિલ્લામાં સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

૬૯મા સ્વાતંત્ર્ય દિનની જિલ્લા કક્ષાની ઉજવણી કલોલ ખાતે કરીને રાષ્ટ્રધ્વજને સલામી આપીને નાણાં, ઉર્જા અને -ટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે રાષ્ટ્ર માટે જીવન અને જાત સમર્પિત કરનાર અનેક નામી અનામી શહીદવીરોને યાદ કરીને શ્રધ્ધાજંલિ અર્પણ કરી જણાવ્યું હતું કે, ગુજરાત તમામ ક્ષેત્રે મોખરે રહ્યું છે. આપણા સહિયારા -યાસો અને દેશ -ેમના પરિણામે આજે વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઐતિહાસિક લાલ કિલ્લા પરથી ગૌરવશાળી રાષ્ટ્રધ્વજને સલામી આપીને આપણુ રાષ્ટ્ર ગૌરવ વધારી રહ્યાં છે. જયારે -થમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન





પટેલ સબળ નેતૃત્વ આપીને વિકાસની દિશાને વધુ ગતિશીલ કરવાના દષ્ટિકોણથી ગુજરાતમાં એક આગવી અને અનેરી ચેતનાનો સંચાર થયો છે.

મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે જિલ્લા કલેકટર શ્રી રવિશંકરને કલોલ તાલુકાના વિકાસ માટે રૂપિયા ૨૫ લાખ તેમજ ગાંધીનગર, દહેગામ અને માણસા તાલુકાના વિકાસ માટે -ત્યેકને રૂપિયા ૫ લાખના ચેક વિવિધ વિકાસ કામો માટે અર્પણ કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રીએ પરેડ નિરીક્ષણ બાદ વિવિધ શાળાઓના બાળકો દ્વારા રજૂ કરેલ દેશ ભક્તિના સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળ્યા હતા. આ -સંગે કલોલ શહેરની વિશાળ સંખ્યામાં ઉમેટી પડેલ જનમેદનીએ રાષ્ટ્રીય પર્વમાં ઉમળકાભેર ભાગ લીધો હતો.

આ -સંગે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી કે. શ્રીનિવાસને કલોલ તાલુકાની વિવિધ સરકારી કચેરીઓની મુલાકાત લીધી હતી.

આ -સંગે ગૌ સેવા આયોગના ઉપાધ્યક્ષ શ્રી ચૈતન્ય શંભુ મહારાજ, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણી, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જયશ્રીબેન દેવાંગણ, કલોલ નગરપાલિકા -મુખ શ્રી મહેન્દ્રભાઈ બાવરિયા, સ્વામિનારાયણ સં-દાયના સ્વામીજીઓ, કલોલ -ાંત અધિકારી સી.એમ.પાડલિયા, કલોલ મામલતદાર શ્રી વાઘેલા સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં કલોલના નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## વાતવાતમાં

● શનિવારે સાંજે વરસેલા વરસાદી ઝાપટામાં રોડ નં. ૫ પર ખ-૫ પાસે એક તોતિંગ વૃક્ષ રોડ પર જ પડતા એક સાઈડનો માર્ગ બંધ થઈ જવા પામ્યો હતો. હજુ પણ નગરમાં અનેક વૃક્ષો જોખમી હાલતમાં નમી પડેલા છે.

● સે-૩માં શોપીંગ સેન્ટર પાસે ગટરનું કામ તો પુરું થઈ ગયું પરંતુ તેમાં માટીનું પુરાણનું કામ બરાબર ના થવાથી રસ્તો જોખમી લાગતા રહીશો તેનો ઉપયોગ ટાળી રહ્યા છે.

● સે-૪માં ઓમકારેશ્વર મંદિર પાસે રવિવારે સાંજે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારની ટકકરથી બાંકડા પણ તુટી જવા પામ્યા હતાં.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા તા. ૨૪મીથી ગુજરાતી રંગભૂમિના પીઢ કલાકારો દિપક ઘીવાલા અને રાગીણી અભિનિત નાટક 'જીંદગી એક સફર હે સુહાના' ટાઉનહોલમાં યોજાશે.

● રવિવારે સાંજે ચ રોડ પર અડધા કલાકના ગાળામાં બે અકસ્માત થવા પામ્યા હતાં. સે-૭/૮ના બસ સ્ટેન્ડ પાસે થયેલા અકસ્માતમાં કારની ટકકરથી એકિટવા ચાલક ૨ યુવતીઓ અને એક સાયકલ સવાર મહિલાને સામાન્ય ઈજા થવા પામી હતી.

- સમીર રામી
9924446645

## વૈજનાથ મહાદેવ ખાતે આયોજિત રકતદાન શિબિરમાં ૧૧૧ બોટલ રકત એકત્ર કરાયું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ચ-૬ કોર્નર નજીક સે-૨૧માં વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે તા. ૧૫મી ઓગષ્ટે સતત ૯મો રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ રકતદાન શિબિરમાં ૧૧૧ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું.

સમગ્ર નગરમાં ૬૯માં સ્વતંત્રતા દિવસે અનેક પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં સરકારી આયોજનો, શૈક્ષણિક સંસ્થાના કાર્યક્રમો તથા સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સે-૨૧માં વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે દર વર્ષે ૧૫મી ઓગષ્ટે રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવે છે. આ વખતે સતત ૯માં વર્ષે પણ અહીં રકતદાન શિબિર યોજવામાં આવી હતી. સવારે ૮ વાગ્યાથી પ્રારંભ થયેલ



સતત ૯મા વર્ષે સ્વતંત્રતા દિવસે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું

રકતદાન શિબિર બપોરના ૨ વાગ્યા સુધી ચાલ્યો હતો. આ શિબિરમાં સ્વૈચ્છિક રકતદાતાઓ દ્વારા કુલ ૧૧૧ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યુંહતું. રકતદાન શિબિરનાં આયોજન માટે વૈજનાથ માલણેશ્વર મહાદેવ યુવક મંડળના સભ્યો તથા સિનિયર સિટીઝન કાઉન્સિલના વરિષ્ઠ નાગરિકોએ ભારે જહેમત ઉઠાવી હતી. રકત એકત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આપવામાં આવી હતી.

(તસવીર : સમીર રામી)

## કોબા ગ્રામ પંચાયતની વેબસાઈટ લોન્ચ કરાઈ

ગાંધીનગર, તા.૧૬

કોબા ગામે કોબા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયત કચેરીમાં ઈન્ટરનેટ સેવા કનેકટીવીટી (વાઈફાઈ) ગ્રામજનો માટે સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે માટે ચાલુ કરવામાં આવેલ છે. તેમજ કોબા ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગ્રામ પંચાયત કચેરીના વિવિધ કાર્યક્રમો તેમજ વિવિધ સરકારની યોજનાઓ માહિતીના ભાગ રૂપે ગ્રામજનોને લાભ મળી શકે તે હેતુથી વેબસાઈટ www.kobagrampanchayat.com ની વેબસાઈટનું ગ્રામપંચાયત દ્વારા સેવા ચાલુ કરવામાં આવેલ છે. જેનાથી ગ્રામજનોના માર્ગદર્શન મેળવી ગ્રામ પંચાયત દ્વારા સરકારની યોજનાઓ ઘર ઘર સુધી પહોંચાડી શકાય તેવા હેતુથી સેવા ચાલુ કરવામાં આવેલ છે.

## કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ખાતે સ્વતંત્રતા દિન ઉજવાયો

દેશભરમાં ૬૯મો સ્વતંત્રતા દિવસ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. અબાલવૃધ્ધ સૌ કોઈ દેશભકિતના રંગે રંગાઈ ગયા હતાં.



ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્વાગત રેઈનફોરેસ્ટ-૧ ખાતે આઝાદી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોની વેશભૂષા સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભારતની ભાવિ પેઢીમાં પણ રાષ્ટ્રભકિતના ગુણો ખીલે તે હેતુથી સોસાયટીઓમાં કરવામાં આવતા આ પ્રકારના આયોજન ખરેખર ઘણા આવકારદાયક છે. સમગ્ર સોસાયટીના સભ્યોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ પત્યા બાદ લાંબા સમય સુધી દેશભકિતના ગીતો પણ વગાડવામાં આવ્યા હતાં.

## સે-૨૧ શાકમાર્કેટ ખાતે પર્યાવરણ બચાવો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

જેસીઆઈ ગાંધીનગર અને જયહિંદ ગ્રુપ દ્વારા પર્યાવરણ બચાવવા માટે ૧૫ ઓગષ્ટના રોજ એક કાર્યક્રમ સેકટર-૨૧ શાકમાર્કેટમાં કરવામાં આવ્યો, તેમાં પ્રમુખ દ્વારા પ્લાસ્ટીક બેગ ન અપનાવવા મેસેજ આપવામાં આવ્યો હતો. પેપર બેગનો વધારે ઉપયોગ કરવો જોઈએ તેવું નગરજનોને તેમજ વેપારી મિત્રોને જણાવવામાં આવ્યું હતું. જેસીઆઈ ગાંધીનગરના સૌ સભ્યો તેમજ જયહિંદ ગ્રુપના સૌ સભ્યો દ્વારા પેપરબેગનું વેપારીઓને તેમજ નગરજનોને વિતરણ કરવામાં આવ્યું હતું.

## આર.એન. પટેલ શાળાના વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી શાળાના ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં સાયન્સ સીટીની મુલાકાત લીધી હતી અને વિજ્ઞાન અંગે માહિતી મેળવી હતી.

અમદાવાદ ખાતે આવેલ સાયન્સ સીટીની મુલાકાત આર.એન. પટેલ શાળાના ધોરણ-૬માં અભ્યાસ કરતા ૧૩૦ વિદ્યાર્થીઓએ અભ્યાસના ભાગરૂપે મુલાકાત લઈ વિજ્ઞાનને લગતા પ્રયોગ મિશન ટુ માર્સ, ૩ડી પિકચર (અન્ડર ધ સી), થ્રીલ રાઈટ તેમજ અન્ય રાઈડોની મજા માણી હતી. સાયન્સ સીટીમાં ઉપસ્થિત અધિકારીઓ વિદ્યાર્થીઓને આધુનિક વિજ્ઞાન અને આજના સમયમાં વિજ્ઞાનના મહત્વ વિશે વિસ્તૃત સમજણ આપી હતી. વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાત લઈ ખુશહાલ થયાં હતાં.

## સોજા હાઈસ્કૂલના ઉપક્રમે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી સંપન્ન

કલોલ, તા.૧૬

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે ૬૯મા સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.



શાળાના ઉત્સાહી આચાર્યશ્રી ભાવેશભાઈ જોષીના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. શ્રી સોજા કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ, વરિષ્ઠ નાગરિકો, સમાજ આગેવાનશ્રીઓ, સોજા હાઈસ્કૂલના સારસ્વત મિત્રો, કન્યા કુમાર શાળાના શિક્ષક મિત્રો અધ્યેતાઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનોની પ્રેરક ઉપસ્થિતિમાં શાળાનું પટાંગણ દેશભકિતમય અને રોમાંચક બની રહ્યું હતું.

વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ, યોગ અંગ કસરતના પ્રયોગો, દેશદાઝ જન્માવતાં ગીતો-કાવ્યો-પ્રસંગોનું ગાન તથા દેશભકિત પ્રેરિત પ્રાસંગિક પ્રવચનમાળા પણ અત્રે અભિપ્રેરક બની રહ્યા હતાં.

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ અને આપણા રાષ્ટ્રના શહીદ જવાનોને હૃદયસ્થ શ્રધ્ધાંજલિ-શોકાંજલિ અર્પણ કર્યા બાદ રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

શાળાના અતિ સક્રિય આચાર્યશ્રીને કેળવણી મંડળના મંત્રીશ્રી, દાતાશ્રીઓ અને સોજા ગામની સહકારી-સેવાભાવી સંસ્થાઓ વતી 'અવન્તિકા સ્વામી વિવેકાનંદ સન્માન' બદલ જાહેર સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## ગાંધીનગરમાં ડમ્પરની ચોરી કરનાર રીઢો ગુનેગાર રાજકોટથી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાંથી ડમ્પર ચોરીના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા મુળ રાજસ્થાનના આરોપીને એબસ્કોન્ડર સ્કવોર્ડ રાજકોટ ખાતેથી ઝડપી પાડયો હતો. જેની વધુ કાર્યવાહી સેકટર-૭ પોલીસે હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં થોડા સમય અગાઉ તોતિંગ ડમ્પર ચોરીનો બનાવ બન્યો હતો. જે સંદર્ભે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આરોપીની સઘન શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ડમ્પ ચોરીના મુખ્ય સૂત્રધાર અને નાસતો ફરતો આરોપી ઓમ પ્રકાશની ખાનગી માહિતી પી.એસ.આઈ. કે.એ. પટેલને મળી



હતી કે નાસતો ફરતો આરોપી રાજકોટમાં છે. જે હકિકતના આધારે ગાંધીનગર એબસ્કોન્ડર સ્કવોર્ડના પી.એસ.આઈ. કે.એ. પટેલ, એ.એસ.આઈ. અશોકકુમાર, હે.કો. દિલીપસિંહ, મહિપાલસિંહ, વિષ્ણુસિંહ વગેરે રાજકોટ પહોંચી આરોપીને પકડવા વોચ ગોઠવી હતી ત્યારે બાતમીની હકીકતના વર્ણન ધરાવતો શખ્સ નજરે પડતા તેને દબોચી લીધો હતો અને ગાંધીનગર લઈ આવ્યા હતા અને સે-૭ પોલીસને સોંપી દીધો હતો. આ મામલે સે-૭ પોલીસે આરોપી વિરુધ્ધ ગુનાના આધારે વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.આઈ. એલ.બી. મોણપરા કરી રહ્યા છે.

## ક-૭ નજીક બાઈક ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬



ગાંધીનગર ક-૭ નજીક થી અમદાવાદ વસ્ત્રાપુર પોલીસ મથકના નાસતા ફરતા બાઈક ચોરને ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે ચોરીના બાઈક સાથે ઝડપી પાડયો હતો અને વસ્ત્રાપુર પોલીસને સોંપી દીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના આસપાસના વિસ્તારમાં બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલ નારન દેવા પારગી નામના શખ્સે થોડા દિવસો અગાઉ વસ્ત્રાપુર વિસ્તારમાંથી બાઈક ચોરીને અંજામ આપી નાસી છુટયો હતો. દરમિયાન આ બાઈક ચોર વિશે ગાંધીનગર એલ.સી.બી.ના કોન્સ્ટેબલ જયવિરસિંહને બાતમી મળી હતી. જે બાતમીના આધારે પી.એસ.આઈ. ચંદાની ટીમે માર્ગ પર વોચ ગોઠવી બાઈક ચોરને ઝડપી પાડયો હતો અને અમદાવાદ વસ્ત્રાપુર પોલીસને સોંપી દીધો હતો.

## એમ.બી. પટેલ શાળામાં વેશભૂષા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલીત શ્રીમતી એમ.બી. પટેલ પ્રાથમિક શાળા દ્વારા ધો-૧ થી ૪ની વિદ્યાર્થીની બહેનો માટે વેશભૂષા અને ધો-૫ થી ૮ની વિદ્યાર્થીની બહેનો માટે એકપાત્રીય અભિનયની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીની બહેનોએ ઐતિહાસિક પાત્રોની થીમ આધારીત રજુઆત કરી હતી.

ધો-૧ થી ૪માં પસંદગી પામેલ વિદ્યાર્થીની બહેન ખંભાયતા વૃંદા ધો-૧-અ, ધો-૨-બીમાં પટેલ મિશ્વા ડી., ધો-૩-કમાં ઠકકર કૃપાલી અને ધો-૪-બમાં પટેલ મૈત્રી પી. તથા ધો-૫ થી ૮માં ધો-૫-એ પ્રજાપતિ માનસી એમ., ધો-૬-બમાં પ્રજાપતિ આંશી એલ., ધો-૭-બમાં પાટીલ માધવી ડી, ધો-૮-ડમાં દવે વિશ્વા એસ. પસંદગી પામી હતી. તમામ વિદ્યાર્થીની બહેનોને શાળાના આચાર્યશ્રી નિરૂબેન જે. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## વાસણિયા મહાદેવ મંદિરે લઘુરૂદ્ર યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર માણસા માર્ગ પર આવેલ સુપ્રસિધ્ધ વૈજનાથ મહાદેવના મંદિર ખાતે લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞનું આયોજન તા. ૧૮-૮-૨૦૧૫ને મંગળવારના રોજ કરવામાં આવ્યું છે. યજ્ઞ પ્રારંભ સવારે ૮-૦૦ કલાકે થશે. શ્રીફળ હોમવાનો સમય બપોરે ૧૨ કલાકે છે. પવિત્ર શ્રાવણ માસમાં કરણસિંહ બી. વાઘેલા (એડવોકેટ)ના યજમાન પદે યોજાનાર આ લઘુરૂદ્ર યજ્ઞમાં આચાર્ય તરીકે કિરણકુમાર જોષી છે. યજ્ઞના દર્શનનો લાભ લેવા સૌ નગરજનોને અનુરોધ કરાયો છે.

## સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીમાં સેલ્સ મેનેજર્સ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ

ગાંધીનગર, તા.૧૪

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ડિકેથ્લોન સ્પોર્ટસ કે જે સ્પોર્ટસને લગતા સાધનો સમગ્ર વિશ્વમાં પહોંચતા કરે છે તેના વડોદરામાં સૌ પ્રથમ નવા સ્ટોરનું સપ્ટેમ્બર માસમાં ઉદઘાટન થવા જઈ રહેલ છે. જે માટે તેઓને ૧૫ સેલ્સ મેનેજર્સની જરૂરિયાત છે. આ માટે તા. ૧૯-૮-૨૦૧૫ના રોજ ડિકેથ્લોન સ્પોર્ટસ દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ. ગાંધીનગર ખાતે કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરેલ છે. આ યુનિ.ના વિદ્યાર્થીઓ કે અન્ય રસ ધરાવતા વિદ્યાર્થીઓને જો આ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ભાગ લેવો હોય તો તેઓ પ્લેસમેન્ટ સેલના અધિકારી શ્રી યજુવેન્દ્રસિંહ જેઠવા મો. ૯૯૨૪૧ ૨૪૯૧૧ ઉપર સંપર્ક કરી નોંધણી કરાવી શકે છે.

# ધોળેશ્વર મહાદેવ નજીક નદીના પટમાં મંદિરનો ઘુમ્મટ દેખાયો

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે જ અતિ પૌરાણિક ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે સાબરમતી નદીના પટમાં દટાયેલ એક મંદિરનો ઘુમ્મટ દેખાતા શ્રધ્ધાળુઓમાં ભારે કુતુહલ વ્યાપ્યું છે. આ વર્ષે થયેલા વરસાદ તેમજ ડેમમાંથી છોડાયેલા પાણીમાં નદીના પટમાં રેતીનું ધોવાણ થવાથી જમીનમાંથી મંદિરનો ઘુમ્મટ બહાર આવ્યો છે. જો અહીં ખોદકામ કરવામાં આવે તો ચોકકસ એક દટાયેલો ઈતિહાસ બહાર આવે તેમ છે.

ધોળેશ્વર મહાદેવ મંદિર સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ભારે શ્રધ્ધા અને આસ્થાનું કેન્દ્ર સમાન ગણાય છે. આ મંદિરનું ખૂબ જ પૌરાણિક મહત્વ છે અને કેટલાક શાસ્ત્રોમાં પણ આ મંદિરનો ઉલ્લેખ કરાયેલો છે. ધોળેશ્વર મહાદેવ મંદિર સાથે અનેક દંતકથાઓ પણ જોડાયેલી છે. આ મંદિરે બ્રાહ્મણ સમાજ દ્વારા યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન આ મંદિરે ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. સાબરમતી નદીના કિનારે આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિરથી નદીના પટ સુધી પગથિયા બનાવાયેલા છે. જયાં નદી કિનારે ઘાટ પણ બનાવાયો હતો જે અત્યારે તુટેલી હાલતમાં છે. અત્યાર સુધી આ ઘાટની લગોલગ નદીનો પટ હતો પરંતુ છેલ્લા કેટલાય સમયથી નદીમાં આડેધડ થતા રેતીના ખનનને કારણે અહીં મોટા મસ ખાડા થઈ જવા પામ્યા હતા. ચાલુ વર્ષે થયેલા વરસાદ પછી નદીમાં ભરપુર પાણી આવતા આશરે પાંચ થી છ



પવિત્ર શ્રાવણ માસમાં પ્રારંભે નદીના પટમાં ધોવાણ થતા ઘુમ્મટ બહાર આવતા શ્રધ્ધાળુઓમાં અનેક તર્ક વિતર્ક : ખોદકામ કરવામાં આવે તો પૌરાણિક મંદિર નીકળી શકે તેવી શકયતા : આડેધડ રેતી ખનન બાદ ડેમમાં છોડાયેલા પાણીથી પાંચ-છ ફુટ ઉંડે સુધી પટનું ધોવાણ

ફૂટની ઊંડાઈ સુધી પટનું ધોવાણ થઈ જવા પામ્યું છે.

નદીના પટનું ઉંડે સુધી ધોવાણ થવાથી બરાબર ઘાટની આગળ જ જમીનમાં આ ઘુમ્મટ કેટલાક સ્થાનિક ગ્રામવાસીઓના નજરે ચઢયો હતો. આ ગ્રામવાસીઓએ તેની આસપાસ જમીન ખોતરવા પ્રયાસ કર્યો પણ તેમાં સફળ થયા નહોતા. આ ઘુમ્મટ ધોળેશ્વર મહાદેવ પરિસરમાં આવેલ અન્ય નાના સ્મૃતિ મંદિરો સમાન લાગી રહ્યો છે. શકય છે કે અહીં ખોદકામ કરવામાં આવે તો આ પ્રકારનું જ કોઈ સ્મૃતિ મંદિર કે સમાધિ મંદિર પણ નીકળે અથવા અન્ય દેવી દેવતાનું મંદિર પણ નીકળી શકે છે. અત્યારે ચાતુર્માસના કારણે પણ ઘણા શ્રધ્ધાળુ અહીં સ્નાન કરવા તેમજ પૂજા અર્ચના કરવા આવી રહ્યાં છે. જે શ્રધ્ધાળુના નજરે ચઢે છે તેઓ કુતુહલવશ તેને નિહાળી અનેક તર્કવિતર્ક કરે છે. જો કે આ સ્થળની જાત મુલાકાત લીધા પછી એ સ્પષ્ટ જણાય છે કે જો અહીં પધ્ધતિસરનું ખોદકામ કરવામાં આવે તો શકય છે કે આ પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવજીનું પ્રાગટય પણ થઈ શકે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા પૃથ્વીસિંહ ગોબરજી, ઉ.વ. ૮૮, મુ. લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર મેનીબેન સુરસંગજી, ઉ.વ. ૮૫, મુ. ધોળાકુવા, તા. માણસા, જી. ગાંધીનગર.
- સ્વ. ઠાકોર અવતાસિંગ પ્રેમસિંગ, ઉ.વ.૩૧, શ્યામસુંદર રેસીડન્સી, ઓ/૧, ૧૦૧, કુડાસણ, ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન રામજીભાઈ પરમાર, ઉ.વ. ૭૫, ૪૪૬, ડબલડેકર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. વિદ્યાબેન મંગળદાસ પંડયા, ઉ.વ.૭૯, પંડયાવાસ, મુ. પીંપળજ, તા.જી. ગાંધીનગર.